Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582 – 046X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

# ભીલ સેવા મંડળ (૧૯૨૨)

**Dr. Dharmesh H. Rao**
(M.A. Ph.D. With History)
301, Sarjan Tower, N'r Ganesh Bicycle,
Behind Life Line Hospital, Vande Mataram
Road, Gota, Ahmedabad
Email ID : Dr.dhrao1@gmail.com

સારાંશ

ભીલ સેવા મંડળ (૧૯૨૨) વિષય પર હું રજૂ કરવા માંગતા સંશોધનમાં ભારતીય સમાજમાં જીવન નિર્વાહ કરતાં ભીલોની ૧૯મી સદીમાં કેવી પરિસ્થિતી હતી તેમજ તેમના ઉત્થાન માટે ભીલ સેવા મંડળે શું શું પ્રવૃત્તિઓ કરી તે વિષય ને આવરી લેવાનું કાર્ય કરવાનો પ્રયાસ કરેલ છે. ઉપરોક્ત વિષય પર આવરી લેવામાં આવેલ બાબતોમાં ભીલ સેવા મંડળની સ્થાપનનો ઇતિહાસ, તેના ઉદ્દેશો, કાર્યો વગેરેને આ સંશોધનમાં આવરી લેવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

**મુખ્ય શબ્દો : ભીલ સેવા મંડળ, ઠક્કરબાપા**

## ❖ પ્રસ્તાવના :-

ભારતીય સમાજમાં કાળક્રમે જે પરિવર્તનો થતાં આવ્યાં છે એની પરાકાષ્ટા ૧૯મી સદીમાં જાવા મળે છે. તેથી ભારતીય ઈતિહાસમાં સમગ્ર ૧૯મી સદીને સામાજિક પરિવર્તનની સદી માનવામાં આવે છે. ૧૯મા સૈકામાં સ્ત્રી ઉત્કર્ષની સાથે સૈકાઓથી ગુલામી અને ગરીબીની જંજીરોમાં જીવતા આદિવાસીઓ અને હરિજનોના વિકાસના ક્ષેત્રે ઘણી પ્રવૃત્તિઓ શરૂ થઈ. આ પ્રવૃત્તિઓ ૨૦મા સૈકામાં પણ આ ક્ષેત્રે પૂર્વ ભૂમિકા રૂપ બની રહી. અસ્પૃશ્યતા, સામાજિક પોષણ, સામાજિક અવહેલના જેવાં દુઃખો અને દર્દ વચ્ચે જીવતાં હરિજનો અને આદિવાસીઓ માટેનું નક્કર કાર્ય ૨૦ મી સદીની પહેલી પચ્ચીસીમાં શરૂ થયું. આ દિશામાં કાર્ય કરવા અને પછાત વર્ગનો સામાજિક-આર્થિક વિકાસ સાધવા કેટલીક સંસ્થાઓ અને ઘણી બધી વ્યક્તિઓ આગળ આવી. તે સૌના સંગઠિત પ્રયાસોથી સ્વસ્થ સમાજજીવનનો પાયો નંખાયો. અહીં દાહોદ જેવા છેવાડાના અને અતિ પછાત, ડુંગરાળ વિસ્તારમાં શરૂ થયેલી 'ભીલ સેવા મંડળ' સંસ્થાને પરિણામે આદિવાસી ભીલોના સામાજિક-આર્થિક જીવનમાં આવેલાં પરિવર્તનો અને શૈક્ષણિક વિકાસને આલેખવામાં આવ્યાં છે.

## ❖ ભીલ સેવા મંડળ પૂર્વે પંચમહાલમાં આદિવાસી પ્રવૃત્તિઓ :-

દલિતો અને આદિવાસીઓના ઉત્કર્ષ માટે ૨૦મી સદીમાં સ્થપાયેલી સંસ્થાઓમાં ભીલ સેવા મંડળને અગ્રેસર સંસ્થા ગણી શકાય. અભણ, વનવાસી, ભીલોના સર્વાંગી વિકાસના ઉદ્દેશથી સ્થાપવામાં આવેલ ભીલ સેવા મંડળના

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

ઉદ્ભવ અને વિકાસમાં આજીવનભેખધારી અમૃતલાલ ઠક્કર ઉર્ફે ઠક્કરબાપાનું બહુમૂલ્યયોગદાન રહેલું છે. એમણે ૧૯૧૮-૧૯ના દુષ્કાળમાંથી પ્રેરણા લઈ વાવેલ એ બીજને પોતાની અવિરતસાધનાને પરિણામે એક વટવૃક્ષ સમુ બનાવી દીધુ હતું. કોઈપણસેવા સંસ્થાની સફળતાનો આધાર તે અગાઉની સેવા સંસ્થાઓ કરતાં કાર્ય પદ્ધતિમાં કઈ રીતે જુદી પડે છે. એના ઉપર પણ રહેલો છે. ભીલ સેવા મંડળ અગાઉ પણ આદિવાસીઓના વિકાસ અર્થે ખ્રિસ્તી મિશનરીઓ પ્રવૃત હતી.જો કે તેમની પ્રવૃતિઓ પર ધર્માન્તર, ધર્મપરિવર્તનનો આરોપ મૂક્વામાં આવે છે. છતાં અજાણ્યા, પછાત, ડુંગરાળ અને વિષમ આબોહવાવાળા વાતાવરણમાં આદિવાસી સમાજ સાથે ઓતપ્રોત થઈ તેમના વિકાસ માટે પ્રયત્નશીલ રહેનાર સેવા સંસ્થા તરીકે એનું મહત્વ નકારી શકાય તેમ નથી.

ખ્રિસ્તી મિશનરીઓની સાથે ‘ભગત આંદોલન‘ (૧૯૦૫–૧૯૩૧) નામની ભીલોના વિકાસની પ્રવૃતિ ગોવિદંગુર (૧૮૭૪–૧૯૩૧) નામના એક વણઝારા જાતિના સાધુ દ્વારા શરૂ થઈ હતી. દક્ષિણ રાજસ્થાન અને પંચમહાલ તથા જાબુઆમાં ધૂણીઓ (FIRE FITS) ની સ્થાપના કરી હજારોની સંખ્યામાં ભીલોને ‘ભગત’ (અનુયાયી) બનાવ્યા હતા. વ્યકિતગત સ્વચ્છતા, ચોરી, દારૂ, વ્યભિચાર નિષેધ, જાતિગત સંગઠન વિશે ઉપદેશ આપવાની સાથે સ્થાનિક જાગીરદારો અને દેશી રાજ્યો દ્વારા ભીલોના કરવામાં આવતા શોષણ અને અત્યાચાર વિરૂદ્ધ ભીલ સમુદાયને જાગૃત કર્યો. શરૂઆતમાં ધાર્મિક આંદોલન રહેલું ‘ભગત આંદોલન‘પાછળથે. આર્થિક અને રાજનૈતિક આંદોલનમાં ફેરવાઈ ગયું હતું. આ આંદોલનમાં ‘ભીલરાજ‘ સ્થાપવાની વાત પણ અભિપ્રેત હતી. ‘ગોવિંદગુરૂ ચળવળ’ને અમલદારી શાસન નીચે દબાવી દેવામાં આવી. જેથી તે ખાસ નોંધપાત્ર બની શકી ન હતી. છતાં ભગત આંદોલનથી પ્રભાવિત આદિવાસી ભીલોના સામાજિક દરજ્જામાં સુધારો થયો હતો. તે ઐતિહાસિક સત્ય છે.

## ❖ ભીલ સેવા મંડળની સ્થાપનાનો ઈતિહાસ :-

આ પરિપાટી ઉપર આદિવાસી ઉત્કર્ષની સર્વોચ્ચ સપાટી પંચમહાલ જિલ્લા અને ગુજરાત રાજયમાં ‘ભીલ સેવા મંડળ‘ ના રૂપમાં જોવા મળે છે. ભીલ સેવા મંડળની સ્થાપના અને વિકાસમાં ઠકકરબાપાની સાધના અને કાર્યપરાયણતા જવાબદાર હતી, એ એક સર્વમાન્ય બાબત છે, પરંતુ ઠકકરબાપાને આ માટેની પ્રેરણા ગુજરાતના ઉમદા લોકસેવક ઈન્દુલાલ યાજ્ઞિકે આપી. ૧૯૧૮-૧૯ ના પંચમહાલમાં પડેલા ભયંકર દુષ્કાળો વિશે ઈન્દુલાલ યાજ્ઞિકે ‘નવજીવન અને સત્ય ‘ નામના માસિક તેમજ બીજા વર્તમાનપત્રોમાં લેખો લખી ઉહાપોહ મચાવ્યો. દાહોદ-ઝાલોદના આદિવાસીઓની દુષ્કાળ સમયની ભયંકર હાલતનું તાદશ્ય અને સચોટચિત્ર ‘નવજીવન‘માં દોર્યું હતું. તે મુજબ...ચીતરી ચડે એવાં મકાઈના બટકું રોટલા માટે ટળવળતા હાડપીંજરો તળિયા ઝાટક ખપી ગયેલા કાદવિયા પાણીવાળા ગંદા કૂવા સામે જોઈ નિસાસા મૂકતાં આવી થાકેલાં ઢોરો, કાંટાઝીટેલા સૂનાં-સૂનાં ઝ પઠા-લગભગ પૂરેપૂરી નગ્નાવસ્થા ભોગવતી તરૂણ કુમારિકાઓ, સ્ત્રીઓ અને બાળકોના ટોળેટોળાંને ખેતરોમાંથી માટી અનો વાસ વાળી વાળીને મહા મહેનત પાશેર-અર્ધાશેર ઘાસના બીજ ભેગા કરતો જોઉ છું. બે -અઢી આનાના રોજ સારું પાંચ પાંચ દસ-દસ ગાઉ દૂરથી ધરબાર છોડીને આવેલાં સેંકડો પુરૂષોને સડક ઉપર અને ચૂનાની ભઠડી ઉપર આખો દિવસ પથ્થર

ફોડતાં નિહાળું છું. કોઈપણ બિછાના વગર કડકડતી ટાઢ માંથી કંઈક બચવા માટે તાપણી પાસે ધરતીમાતાનું શરણું લઈને સૂતેલી અને પોતાનાં બાળકોને પોતાનાં આછા કપડાંથી અને હંફાળા અંગથી ઢાંકવાનો મિથ્યા પ્રયત્ન કરતી સ્ત્રીઓની કલ્પના મગજને ભમાવે છે.....આ સ્થિતિ જોઈ કુદરત પણ લાજે તો શું મનુષ્ય નહીં શરમાય?

પંચમહાલનો ભીલ વિસ્તાર દુષ્કાળ પિઠીત હતો. દર ત્રણ વર્ષે એક વર્ષ નબળુ આવતું. અને દર ચાર પાંચ વર્ષ ને અંતરે એક વર્ષ અછતનું કે દુષ્કાળનું. સને ૧૯૦૧ થી ૧૯૫૫ સુધી માં ૧૬ વર્ષો અછત કે દુષ્કાળનાં આવ્યાં હતાં. આ માટે વરસાદની અછતની સાથે, ભીલોની પરંપરાગત નબળી આર્થિક સ્થિતિ, ખેતીની પ્રાથમિક પદ્ધતિ, શાહુકારો-જમીનદારો દ્વારા શોષણ, ખેતી સિવાય સહાયક ધંધાઓનો અભાવ વગેરે મુખ્ય કારણો હતા. દુષ્કાળ એ આદિવાસીઓને 'પાપી પેટ કા સવાલ હૈ' એ ન્યાયે ગુનાખોરી અને લૂંટફાટ માટે પ્રેરતો હતો.આદિવાસીઓ વચ્ચે રહી કામ કરનારાનું માનવું છે કે ખેતી સાથે જોડાયેલાં ભીલોમાં અપરાધભાવના ઓછી હોય છે. મજૂરી અથવા નોકરી મળ્યા પછી ભીલ અપરાધથી દૂર રહે છે અને પોતાની મર્યાદિત આવકમાં સુખી રહે છે. પણ કામ ન મળતાં વ્યાકુળ બને છે. નીચે પ્રસ્તુત એક આદિવાસી ગીતમાં દુષ્કાળ પડવાથી ભીલોને જાડું ધાન પણ ખાવા મળતું નથી. ત્યારે પોતાના પરિવારને જીવાડવા તથા મિત્રોને ભિખારી ન બનાવવા ચોરી અથવા લૂંટફાટ કરવા વિવશ થાય છે:

"ઘડી આલો ઘડી આલો, કામઠી ઘડી આવો રે
પડિયા કોરે કાલે, મામા તીર ઘડી આવો રે
સપનિયા હરકો કાલે, મામા તીર ઘડી આવો રે
નદિયા ખૂટા નીર, મામા તીર ઘડી આલો રે
ખાણાં ખૂટા મહુશ્રા, મામા તીર ઘડી આવો રે
મગર ખૂટો સારો, મામા તીર ઘડી આવો રે
લક્ષ્મી મરવા લાગી, મામા તીર ઘડી આવો રે
માનવી મરવા લાગ્યા, મામા તીર ઘડી ઓ રે
છોરાં મરવા લાગ્યા, મામા તીર ઘડી આલો રે."

અર્થાત ભીલ પોતાના મામાને સંબોધીને કહે છે, – ' મામા મને કમાન અને તીર ઘડી દો, જેથી હું ચોરી કરવા જાઉં, છપ્પનિયા ઘોર દુષ્કાળ પડયા છે. નદીઓમાં પાણી ખૂટી ગયા છે., કોઠાર ખાલી છે, માછલી અને ખાવાની વસ્તુઓ વીતી ચૂકી છે, પહાડ-સુકાઈ ગયા છે, ઢોર મરી રહયાં છે, ઢોર જ નહીં, માણસો-બાળકો પણ કરવા લાગ્યા છે.' મારી પાસે જીવનનિર્વાહનો કોઇ વિકલ્પ નથી.

આદિવાસી ભીલની આ હૃદયદ્રાવક કહાની ગીતમાં બહુ લાક્ષણિક ઢબે વર્ણવાઈ છે. પણ તત્કાલીન સમયમાં સમધર્મી સુધી તે પહોચી શકી ન હતી તો પરદેશી બ્રિટીશ સરકાર સુધી કયાંથી પહોંચી શકે ? આદિવાસીઓની પીડા, વ્યથાને ઈન્દુલાલ યાજ્ઞિકે સરકાર અને સમાજ સુધી પહોંચાડી. એમના પ્રયત્નો થી મુંબઈના ગર્વનર પંચમહાલ જિલ્લાની મુલાકાતે આવ્યા હતા. ઈન્દુલાલ યાજ્ઞિક પણ ૧૯૧૭ માં જ પહેલીવાર ઠકકરબાપા સાથે દાહોદ આવ્યા.

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

ઈન્દુલાલ યાજ્ઞિક ના લેખોની અસરથી ઠક્કરબાપા હિંદી સેવક સમાજમાંથી છૂટા થઈ પંચમહાલમાં આવ્યા હતા. જે રીતે ઈન્દુલાલ યાજ્ઞિકે દુષ્કાળપીડિત આદિવાસીઓની વ્યથા સામયિકોમાં વ્યકત કરી પંચમહાલ પર કેન્દ્રીત કર્યું હતું તેમ દુષ્કાળરાહત કામગીરી દરમિયાન ઠક્કરબાપાને ભીલોની કારમી ગરીબીનું થયેલું પ્રત્યક્ષ દર્શન એ પણ ભીલ સેવા મંડળની સ્થાપના માટે મહત્વનું પરિબળ હતું. દુષ્કાળ વખતે ભીલોની સેવા કરતું બ્રાહ્મણ દંપત્તી અને દુષ્કાળરાહત વખતે નિઃવસ્ત્ર ભીલબાઈની વ્યથાએ ઠક્કરબાપાને ભીલો માટે કાયમી સંસ્થા ઉભી કરવા પ્રેર્યા. ભીલ સેવા મંડળની પૂર્વભૂમિકા ઈન્દુલાલ યાજ્ઞિકે પોતાની આત્મકથામાં નોંધી છે તે મુજબ... ઈ.સ.૧૯૨૧ ના ઓગષ્ટ માસમાં બધા રાહત કેન્દ્રો સમેટતી વખતે કરશનદાસ અને પરસોત્તદાસ સાથે મિત્રોએ મળી વિચાર કર્યો કે... આ ત્રણ વર્ષમાં બબ્બે વખત દુકાળ પડતાં આપણે કેટલી બધી મહેનત કરીને દરેક વખતે દસ-બાર ગામે સ્વયંસેવકોને નવેસર કામ કરવા મૂક્યાં! કેટલો ખરચ કરીને તેમની રહેવાની અને રાહતકેન્દ્રની સગવડ કરી આપી. હજારો લોકોને કંતામણની અને કાપડની, અનાજની અને ધાસની રાહત આપવાને હજારો રૂપિયા ખર્ચા ! અને કામ પુરું થયા પછી કાયમનું કોઈ કેન્દ્ર રહેતું નથી, તેથી ફરી કામ શરૂ કરતાં કેટલી બધી અગવડ પડે છે ? જરાક વરસાદ ખેંચાતાં હંમેશનાં દુઃખીયારા ભીલો ફરીફરીને ભૂખમરામાં સપડાવાના જ, તો કોઈ કાયમની સંસ્થા કેમ ન કાઢવી? દાહોદમાં અને ગરબાડામાં રાહતકામને અંગે શાળાઓ સ્થાપી છે, તેને તો કાયમ રાખવી જ જોઈએ! જો – પરદેશી પાદરીઓ ભીલોને વટાળવાને માટે લાખો રૂપિયા ખરચીને અનેક મોટીમોટી શાળા, બોર્ડીંગ ને દેવળો ચલાવે તો આપણાં માડી જાયા ભીલોને શિક્ષણ આપવાને આપણે કાયમનો એક વિદ્યાર્થી આશ્રમ કેમ ન સ્થાપીએ ? અને જરૂર પડે ત્યારે ત્યાંથી જ રાહતકામ તરત કેમ ન ઉપાડીએ ?''

## ❖ ભીલ સેવા મંડળના ઉદ્દેશો :-

આમ ભીલો માટે કાયમી સંસ્થા સ્થાપવાનો વિચાર સદીઓથી અન્યાય-અત્યાચારથી પીડાતા, રીબાતા ભીલો પ્રત્યેનો પ્રાયશ્ચિતરૂપે થયો હતો. એ મુજબ સુખદેવ ત્રિવેદીની સાથે મળી ઈન્દુલાલ યાજ્ઞિકે મીરાખેડી ભીલશાળા ચલાવવાનું કામ શરૂ કર્યું. ૧૯ માર્ચ ૧૯૨૨ ના રોજ આ આશ્રમનું ઠક્કરબાપાએ વિધિસર ઉદ્‌ઘાટન કર્યું. ૫ ડીસે. ૧૯૨૨ ના રોજ દાહોદની દુષ્કાળ રાહત કચેરીને ભીલ સેવા મંડળની કચેરીમાં ફેરવી નાંખવામાં આવી, જોકે ભીલ સેવા મંડળની રીતસરની સ્થાપના ૧ ડીસે. ૧૯૨૨ ના રોજ ઠક્કરબાપા એ મંડળની યોજના બહાર પાડયા પછી થઈ હતી. ઈન્દુલાલ યાજ્ઞિક ના યુગધર્મ' માસિકના ત્રીજા અંકમાં ભીલ સેવા મંડળની વિગતવાર યોજના પ્રગટ થઈ હતી. એ મુજબ... ''દાહોદ અને ઝાલોદ તાલુકામાં વસતાં ભીલ તથા પટેલિયા અને જેમની વસ્તી આશરે એક લાખની છે તેમની સ્થિતિ સુધારવામાં સહાય કરવાના કામ માટે એક બંધારણવાળુ મંડળ (મિશન) સ્થાપવાનું છે. આ સેવા--મંડળના પ્રમુખ તરીકે હિંદી સેવક સમાજનો એક સભ્ય રહેશે... આ મંળ માટે હાલ તરત જોઈતાં બાર સેવકો તે પંસદ કરી કામમાં યોજશે, અને ૮-૧૦ મધ્યસ્થ ગામડાં ચૂંટી કાઢીને દરેક ઠેકાણે એકેક સેવકને રાખશે. દરેક સેવકે ઓછામાં ઓછું ત્રણ વર્ષ સુધી સેવા કરવા બંધાવું જોઈએ... મુખ્ય કાર્ય ભીલોની સામાજીક તથા આર્થિક સ્થિતિ સુધારવા ઉપાયો યોજવાનું છે. રાજકીય ચળવળને કાર્યક્ષેત્રની બહાર રાખવામાં આવશે. કામની વીગત નીચે પ્રમાણે રહેશે.''

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

(૧) ગાઢ સમાગમથી તથા ઉપદેશથી શારીરિક સ્વચ્છતા ના વિચાર ફેલાવવા તથા દારૂ અને માંસભક્ષણથી તેમને દૂર કરવા....

(૨) શાહુકારોના જબરદસ્ત વ્યાજના પંજામાંથી ભીલોને બચાવવા, પોલીસ, જંગલ તથા મહેસૂલ ખાતાના નાના અમલદારોના ત્રાસમાંથી તેમને બચાવવા...

(૩) એક ગામ અથવા ફળિયાના લોકોની ચીજ તથા રોકડની ફરીયાત પૂરી પાડવાને પરસ્પર સહકારી મંડળીઓ કાઢવા કોશિષ કરવી.

(૪) ખેતીવાડી ઉપરાંત નવરાશના વખતમાં ધંધો મળે તે માટે સૂતર કાંતવાનું અથવા એવા જ બીજા ઘરગથ્થુ ધંધા માટે સગવડ કરી આપવી...

(૫) સાંજે ગામ લોકોને ભેગા કરી તેમને રામાયણ, મહાભારત, ભાગવત વગેરેની કથા સંભળાવવી.

(૬) ભીલ લોકોની રહેણી કરણી સંપૂર્ણ જાણી લેવા માટે અભ્યાસ બારીકાઈથી કરવો.

(૭) સાધારણ દવાઓનું એક નાનું સરખું દવાખાનું ચલાવવું.

(૮) અસ્પૃશ્ય ગણાતી કોમના મિત્ર બનવું.

ભીલ સેવા મંડળની સ્થાપના થયા પછી જેમ સેવકો મળતા ગયા તેમ ગરબાડા, જેસાવાડા, ગુલતોરા, મુંડાહેડા વગેરે ગામોમાં તેના પેટા કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં. દરેક સ્થળે એક સેવક રાખી ત્યાંની જવાબદારી સોંપાઈ. ભીલ સેવા મંડળમાં જોડાનાર સેવકોની શરૂઆતની મુદત ત્રણ વર્ષની હતી. ઠક્કરબાપાના પ્રયત્નોથી આ મુદ્દત વધારી ૨૦ વર્ષની નકકી કરવામાં આવી. એમની પ્રેરણા અને પ્રોત્સાહનથી સુખદેવ ત્રિવેદી, પાંડુરંગ વણકર, ડાહયા ભાઈ નાયક, મંગળદાસ આર્ય, અંબાલાલ વ્યાસ, રૂપાજીભાઈ પરમાર, ઈશ્વરલાલ વૈદ્ય જેવાં સાત સેવકો ૨૦ વર્ષની પ્રતિજ્ઞા લેવા તૈયાર થયા. ૨૨ ફેબ્રુ. ૧૯૨૭ ના રોજ યશવાટિકા આશ્રમ જેસાવાડાના રામમંદિરમાં યોજાયેલી આ પ્રતિજ્ઞા મુજબ....

“હું આજના મંગલ પ્રભાતે ભગવાન શ્રી રામચંદ્રની સમક્ષ નીચે પ્રમાણે સેવા કરવા કાયા, વાચા,મનસા બંધાઉં છું.

(૧) મારી બધી બુદ્ધિ અને શક્તિ ભીલ ભાઈઓની સામાજિક ઉન્નતિ અર્થે વાપરીશ.

(૨) આ સેવા કરવામાં મારો કોઈપણ જાતનો અંગત લાભ સાધીશ નહી અને મંડળ તરફથી મારા પોતાના અને મારા કુટુંબના નિર્વાહ માટે જે વ્યવસ્થા કરી આપવામાં આવશે તેનાથી સંતોષ પામીશ.

(૩) હાલ સંવત ૧૭૯ ના ચૈત્રસુદ પૂનમ તા ૧ એપ્રિલ ૧૯૨૩ થી સંવત ૧૯૯૯ ના ચૈત્રસુદ પૂનમ તા. ૧ એપ્રિલ ૧૯૪૩ સુધી વીસ વર્ષ સુધી ભીલ ભાઈઓની સેવા કરીશ.

(૪) હું મન, વચન અને કાયાથી શુદ્ધ જીવન ગાળીશ તથા બધા ભીલ ભાઈઓને તેમ કરવા યથાશક્તિ પ્રેરીશ.

(૫) કોઈની સાથે કોઈપણ જાતના કજિયામાં બનતાં સુધી ઉતરીશ નહીં, ભીલ સેવામંડળ ના નિયમો શુદ્ધબુદ્ધિથી પાળીશ. અને મંડળના ઉદ્દેશોને પાર પાડવા પ્રયત્ન કરીશ.

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582 – 046X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

(૬) ભીલોની સાથે અંત્યજ કોમો ઢેડ-ભંગી—ડબગર—ચમાર વગેરેની પણ સેવા કરીશ. અને તેમનો સામાજિક દરજજો ઊંચો થાય તેને માટે પ્રયત્ન કરીશ.

## ❖ ભીલ સેવા મંડળની પ્રારંભિક મુશ્કેલીઓ :-

ઠકકરબાપા અને અન્ય આ જીવન ભીલસેવકોના પ્રયત્નોથી ભીલ સેવા મંડળની સ્થાપના તો થઈ પણ આ મંડળે અનેક પ્રકારની મુશ્કેલીઓ અને મર્યાદાઓ પુષ્કળ હતી. જમીનદારો-જાગીરદારો, શાહુકારો,ઈનામદારો, તાલુકાદારોની શોષણગીરી સામે મંડળે કપરું કામ બજાવવાનું હતું. એક બાજુ સ્વયંભૂ સંગઠિત શોષક વર્ગ અને બીજી બાજુ તદ્દન છૂટો છવાયો, અસંગઠિત વિશાળ ભીલ સમુદાય.આ વિષમ પરિસ્થિતિમાં ભીલ સેવા મંડળે પોતાનું કાર્ય કરવાનું હતું. ઈનામદારો-જાગીરદારો, સરકારી અમલદારો ની સાથે ખ્રિસ્તી મિશનરીઓ અને જેમનાં માટે આ સંસ્થા કાર્યરત હતી તેવા ભીલો તરફથી પણ મંડળે પ્રારંભમાં અને સમયાતરે મુશ્કેલીઓ ભોગવવી પડી હતી. વિકાસના પ્રથમ તબકકામાં મંડળની શાળા કે આશ્રમ ખોલવા કાર્યકરો જાય ત્યારે અમલદારો પોતાનું વર્ચસ્વ નાબૂદ ન થાય તે માટે અડચણો ઊભી કરતા. ગામડામાં મકાન ન મળે, શાળા-- આશ્રમ માટે જમીન ન મળે તે માટે આડકતરી પેરવીઓ કરતાં, મંડળનાં કાર્યકર્તાઓને, મદદ કરતાં ગામવાસીઓને સતાવતા, મંડળના કાર્યકર્તાઓ વિરૂધ્ધ સાચા-ખોટા કેસો કરાવવા, મંડળ સ્થપાયા પછી શરૂઆતનાં ચાર—પાંચ વર્ષોમાં ભાગ્યેજ કોઈ કાર્યકર ઉપર એક યા બીજે બહાને કેસ ઉભો કર્યો ન હોય. એક કેસમાં સુખદેવ ત્રિવેદીને મીરાખેડીમાં આશ્રમનું ઝૂંપડું બાંધવા માટે રૂા. ૧૦ નો દંડ થયો. ઉપરાંત સરકારી કામકાજમાં દખલગીરી કરવા અંગે અને એક બાઈને માર મારવા અંગે બે જુદા જુદા કેસો ઊભા કર્યા. મંડળના કાર્યકરો વિરૂધ્ધ આ બધા કેસોનો ઉલ્લેખ ઠકકરબાપાએ મંડળના સંવત ૧૯૮૧ (ઈ.સ ૧૯૨૫) ના વાર્ષિક અહેવાલમાં કર્યો હતો.

## ❖ ભીલ સેવા મંડળની શૈક્ષણિક પ્રવૃત્તિઓ :-

દાહોદ-ઝાલોદનાં ઉજળિયાતો પણ ભીલ સેવા મંડળના કાર્યોમાં વિઘ્નો નાંખતા. દાહોદનો એક વેપારી કહેતો કે ... "તમે લોકો આ ભીલોની પાછળ શું કામ મહેનત લો છો? વાણિયા-બ્રાહ્મણની પાછળ કામ કરો તો ઊગી નીકળશે. આ જંગલી લોકો હાથ પાણી લે નહીં, હહલાં (સસલાં) મારી ખાય, આચાર વિચારનું ભાન નહીં એવા લોકો પાછળ આટલી બધી મહેનત કરો છો એ કરતાં વાણિયા—બ્રાહ્મણની બોર્ડીગ ચલાવો તે કામ તો ઊગી નીકળે."

ભીલ સેવા મંડળે શાળાઓ, અને આશ્રમોની સ્થાપના દ્વારા પોતાનું કાર્ય શરૂ કર્યું હતું. પરતું પછાત અને ડુંગરાળ વિસ્તારમાં શાળા-આશ્રમ માટે વિદ્યાર્થીઓ મેળવવાં એ દુષ્કર કાર્ય હતું. દા.ત. ઝાલોદમાં આશ્રમ શરૂ કર્યો ત્યારે તેમાં ૨૭ વિદ્યાર્થીઓ નાસી ગયા. આજ સ્થિતિ જેસાવાડા, મીરાખેડી, ગરબાડા, જાંબુઆ અને ભીમપુરી આશ્રમમાં પણ હતી. ભીલ સેવા મંડળનાં ઉત્સાહી કાર્યકર ભીલોને ભણતરના લાભ સમજાવતાં ત્યારે ભીલો પોતાનું અર્થશાત્ર ને સમાજશાસ્ત્ર આ લોકોને કહેતા.... "એક છોકરો ડગરાંમાં (ઢોર ચરાવવા), જાય, એક ઘર સાચવવા રહે, બીજો ખેતરમાં કામ કરે, હવે જો એક વધારે હોય આપુ. વળી બીજો ભીલ એથી આગળ વધીને કહે અમારે ભીલને વળી ભણવાની શી જરૂર? અમારે કયાં નોકરી કરવા જવું તું, અમારે ભીલને તો "ચૌદેય વિદ્યા ચવડીમાં

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

(હળની નીચેનો કોશનો ભાગ) વળી, સ્થાનિક વ્યાજખોર વેપારીઓ તરફથી પણ ભીલ સેવા મંડળ વિરૂદ્ધ પૂર્વગ્રહ ઊભો કરવાની પૂરી કોશિષ થતી.

ઉપરોક્ત મુશ્કેલીઓની સાથે બીજી એક મુશ્કેલી કે જે દરેક નવી સંસ્થા સાથે જોડાયેલી હોય છે. તે આર્થિક તંગી હતી. ભીલ સેવા મંડળને તેનાં શરૂઆતનાં વર્ષથી જ નાણાંની હંમેશાં તંગી રહેતી એની આવક કરતા ખર્ચ હંમેશા વધારે રહેતું હતું. આમ, ભીલ સેવા મંડળે શરૂઆતમાંજ સામાજિક-આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડેલો. છતાં ભીલ સેવકોની ધીરજ, સહનશીલતા, કાર્યપરાયણતા, ઉદ્યમ વગેરેને પરિણામે મંડળ ટકી રહયું. પ્રથમ દસ વર્ષ તો તેના કાર્યકરો અને સંસ્થા માટે કપરી સાધનાનો કાળ હતો. દાતણપાણી કરવાની, નાહવાની વાતનો બાજુ પર રહી, કુદરતી હાજતે ગયા પછી સાફ સફાઈ કરવાની પણ તેમનામાં પદ્ધતિ ન હતી. આવા અજ્ઞાની, દરિદ્ર, બેકાર અને ગરીબ ભીલો વચ્ચે રહી કામ કરવું એ શૂન્યમાંથી સર્જન કરવા બરાબર હતું. શરૂઆતમાં આશ્રમો અને શાળાઓ સ્થાપી શિક્ષણ આપવાથી શરૂ થયેલી મંડળથી પ્રવૃતિ ખેતી, ખાદીવિદ્યા, સીવણ સુથારીકામ, સ્કાઉટીગ, શારીરિક સ્વચ્છતા, સામાજિક કુરિવાજોની નાબૂદી, દારૂ-વ્યસન નાબૂદી અને સહકારી પ્રવૃતિ સુધી ફેલાઈ હતી. તે બધામાં આદિવાસીઓનો સર્વાંગી વિકાસ કરવાના હેતુ હતો. નીચે પ્રસ્તુત ભીલસેવા મંડળના ૧૪મા અન ૧૫મા વાર્ષિક અહેવાલના કેટલાંક આંકડા મંડળની શિક્ષણ ઉત્કર્ષ પ્રવૃતિની ઝાંખી કરાવે છે :

| અંક | વર્ષ | શાળાઓની સંખ્યા | | વિદ્યાર્થીઓની સંખ્યા | | સેવકોની સંખ્યા | ખર્ચ (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|
| | | આશ્રમ | શાળા | આશ્રમ | શાળા | | |
| ૧ | ૧૯૨૨-૨૩ | ૨ | ૫ | ૫૦ | ૨૮૮ | ૧૭ | ૫૮૫૨ |
| ૨ | ૧૯૨૩-૨૪ | ૩ | ૭ | ૮૬ | ૩૭૧ | ૨૯ | ૧૭૨૧૬ |
| ૩ | ૧૯૨૪-૨૫ | ૩ | ૭ | ૮૯ | ૩૧૩ | ૩૩ | ૧૫૫૭ |
| ૪ | ૧૯૨૫-૨૬ | ૫ | ૮ | ૧૪૩ | ૩૨૫ | ૪૩ | ૨૩૨૭૪ |
| ૫ | ૧૯૨૬-૨૭ | ૬ | ૭ | ૧૬૦ | ૪૧૦ | ૪૪ | ૨૫૬૩૬ |
| ૬ | ૧૯૨૭-૨૮ | ૭ | ૭ | ૧૮૬ | ૪૦૯ | ૪૧ | ૨૮૪૫૯ |
| ૭ | ૧૯૨૮-૨૯ | ૮ | ૨ | ૨૨૨ | ૩૨૪ | ૩૬ | ૨૪૩૫૪ |
| ૮ | ૧૯૨૯-૩૦ | ૯ | ૨ | ૨૬૬ | ૨૬૮ | ૩૬ | ૨૬૬૦૬ |
| ૯ | ૧૯૩૦-૩૧ | ૮ | ૨ | ૨૪૯ | ૧૯૧ | ૩૮ | ૨૩૧૫૭ |
| ૧૦ | ૧૯૩૧-૩૨ | ૯ | ૧ | ૨૬૪ | ૩૩૨ | ૩૮ | ૧૮૨૬૪ |
| ૧૧ | ૧૯૩૨-૩૩ | ૬ | ૦ | ૧૩૮ | ૪૯૬ | ૨૧ | ૧૭૯૭૮ |

(ભીલ સેવા મંડળ, દાહોદ ૧૪માં તથા ૧૫ માં વર્ષની સંયુકત નોંધ તથા દુકાળ રાહત કાર્યનો અહેવાલ પેજ ૮-૯).

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

પહેલાં ૧૦વર્ષમાં ઉપર મુજબ રહેલી પરિસ્થિતિમાં ઈ.સ ૧૯૬૫ માં આવેલા પરિવર્તન મુજબ ૧૫ આશ્રમશાળાઓ જેમાં ૭૬૫ કુમાર અને ૨૫ બાળાઓ સાત ધોરણ સુધીનું શિક્ષણ મેળવતા હતાં. ૧૮ છાત્રાલયોમાં ૫૭૮ કુમાર, ૧૪૪ બાળાઓ હતી. આ આશ્રમ અને શાળાઓમાં શિક્ષણ આપવાની સાથે બાળકોને સંસ્કારી જીવન જીવવા કેળવણી પણ અપાતી, ઠક્કરબાપા દર મહીને એકવાર મંડળના કેન્દ્ર પર શિક્ષણ કાર્યનું નિરીક્ષણ કરતા સંસ્થાની સ્વચ્છતાની સાથે વિદ્યાર્થીઓના નખ વધ્યા હોય, વાળ વધ્યા હોય, કપડાં ફાટી ગયાં હોય, આંખમાં ચીપડા હોય, કાન ગંદા હોય, નખમાં મેલ હોય તો સાફ સફાઈની પદ્ધતિ દેખાડતા, ઠક્કરબાપાની સ્વચ્છતાપ્રિયતાને કારણે દાહોદ, ઝાલોદ, મીરાખેડી અને જેસાવાડાના આશ્રમો સ્વચ્છતાના પ્રતીકરૂપ બની શકેલા. ભીલ બાળાઓના વાલીઓને મહિને બાળાદીઠ એક રૂપિયો શિષ્યવૃત્તિ આપી શિક્ષણ આપવાનું પણ શરૂ કરેલું. જેમાંના હીરાબેન લાલચંદ નીનામા તો પાછળથી ગુજરાત વિધાનસભાના સભ્ય પણ રહી ચૂક્યાં હતાં. સને ૧૯૩૯ ના ડિસે. માં લક્ષ્મીદાસ શ્રીકાંતે દાહોદમાં ચાર એકર જમીન ખરીદી ૧૩,૦૦૦/- રૂા. ના ખર્ચે કન્યા આશ્રમનું પાકું મકાન બંધાવ્યું હતું. ઈ.સ. ૧૯૪૩ માં જેસાવાડા અને ૧૯૪૪ માં ઝાલોદમાં શબરી આશ્રમની સ્થાપના થઈ. આ પ્રવૃત્તિઓથી લાભાન્વિત વિદ્યાર્થીનીઓજ પાછળથી સંસ્થાની સેવિકાઓ બની હતી, ભીલ સેવા મંડળની શિક્ષણ સાધનાની પ્રવૃતિને પરિણામે ઈ.સ. ૧૯૨૧ની વસ્તીગણતરી પ્રમાણે ભીલોમાં એક હજારે ચાર જ જણ શિક્ષિત હતા. જે ૧૯૫૫ ની આસપાસ હજારે ૨૦ નું થયું હતું. ૧૯૫૧–૫૨ માં મંડળ હસ્તક ૯ આશ્રમો, ૯૩ શાળાઓમાં ૩,૧૬૫ વિદ્યાર્થીઓ હતા.જયારે પ્રૌઢશાળાની સંખ્યા ૧૪૪ અને ભણનારા પ્રૌઢોની સંખ્યા ૩,૯૫૦ ની હતી.

### ❖ મંડળની સામાજિક અને આર્થિક પ્રવૃત્તિઓ :-

ભીલોનો સામાજિક-આર્થિક વિકાસ નહી થવાનું એક અગત્યનું કારણ મદ્યપાન કે દારૂની આદત હતું. દારૂનું વ્યસન ભીલોની આવકનો મોટો હિસ્સો હડપ કરી જતું. એક પ્રચલિત ભીલી કહેવત મુજબ, 'ભીલનો દશમણ હરો (દારૂ), બીજાયે કરવાનું હું કામ.' અર્થાત ભીલ માટે એક દારૂરૂપી દુશ્મન જ પર્યાપ્ત છે, બીજા કોઈને દુશ્મન બનાવવાની શી આવશ્યકતા છે? ભીલો પોતાની કુલ આવકનાં ૯ ટકા તમાકુ અને ૧૦ ટકા દારૂમાં ખર્ચતા. ભીલ સેવા મંડળે દારૂ નિષેધ તથા ઈનામદાર તાલુકદારોનાં જૂલ્મો સામે ભીલોને સંગઠિત કરવા અને તેમનામાં જાગૃતિ લાવવા શાંતિલાલ પંડયાએ દાહોદ-ઝાલોદ તાલુકામાં ભીલોની એક મોટી કૂચ કાઢી. ૧૯૪૭ની ૨૬ જાન્યુઆરીના રોજ રવિશંકર મહારાજના પ્રમુખપણા નીચે લીમડીમાં એક ભીલ પરિષદ ભરવામાં આવી હતી. ઠક્કરબાપા પણ ભીલોના મેળાઓ અને પરિષદો ભરી દારૂના દૂષણનું નુકશાન સમજાવતા, દારૂ નિષેધના પ્રચાર માટે આજુબાજુના દેશી રાજયોમાં પણ જતાં, સરકારે રાજયની આવક વધારવા સસ્તા દારૂની દુકાન શરૂ કરી ત્યારે તેમણે આ અંગે એક લેખમાં જણાવ્યું કે... ''રાજયની ફરજ ગામડામાં રહેતાં લોકો માટે ગામે ગામ નિશાળ કાઢવાની છે, પણ તે વાત તો દૂર રહી. ઊલટું લોકો જેઓ અજ્ઞાની છે, તેઓ કેમ વધારે અજ્ઞાની રહે, એમની આળસ અને વ્યસન કેમ વધે અને તેઓ નિરંતર કાલ્પનિક સુખની ભ્રમણામાં રહયાં કરે એ માટે ગામેગામ દારૂની પરબો ઠીક માંડી દીધી છે ! આમ કરીને સરકાર એની પ્રાથમિક ફરજ બજાવતી નથી. એટલું જ નહીં પણ આ ભલાભોળા લોકોને એક નવી લત

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

વળગાડી અઘોર પાપ કરી રહી છે.'' ઠક્કરબાપાની જેહાદને પરિણામે સરકારને દારૂની દુકાનો બંધ કરવાની ફરજ પડી. સરકાર ઉપરાંત દારૂબંધીનાં વિચારોને કારણે દાહોદનાં પીઠાંના માલિક તેમજ સરકારી અફસરો સાથે તેમને અથડામણમાં આવવું પડ્યું હતું.

ઠક્કરબાપા અને ભીલ સેવા મંડળના પ્રયત્નોથી ભીલોની આર્થિક સુધારણા સારી રીતે થઈ હતી. આદિવાસીઓનાં કૌટુંબિક અને સામાજિક જીવનમાં દારૂ અનિવાર્ય છે. એવી માનવ વંશશાસ્ત્રીઓની રૂઢ થયેલી માન્યતાને એમણે જૂઠી ઠરવી હતી. શ્રી મલકાણની નોંધ મુજબ દાહોદ-ઝાલોદ તાલુકાના પોણા બે લાખ લોકો દર વર્ષે આશરે ૨૦ લાખ રૂપિયા બચાવતા હતા. શિક્ષણ અને આરોગ્યની પ્રવૃતિઓ સાથે ભીલો પાસેથી જૂલ્મી વ્યાજ લેતાં શાહુકારો, જમીનદારો અને વેપારી-વહોરાઓથી ભીલોને બચાવવાનો ઉદ્દેશ હતો. એના ઉકેલ તરીકે મંડળ તરફથી સહકારી મંડળીઓની સ્થાપના ૧૯૨૧-૨૨ થી કરવામાં આવી. સહકારી મંડળીઓએ પંચમહાલના ગ્રામીણ અર્થકારણને વિકસાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. આ મંડળીઓની સ્થાપના પહેલાં શાહુકાર ભીલો અને અન્ય પછાત લોકો પાસેથી ૧૫ થી ૨૦ ટકા વ્યાજ લેતા. સહકારી મંડળીઓની પ્રવૃતિમાં ભીલ પટેલિયા ખેડૂતોને ખોરાકી અને બીજા માટે નાંણાની ધીરધાર કરવાનું કાર્ય મુખ્ય હતું. પંચમહાલમાં ભીલ સેવા મંડળના માધ્યમથી ઊભી થયેલી સહકારી મંડળીઓના કેટલાંક આંકડા નીચે પ્રસ્તુત છે.

| વર્ષ | મંડળીઓની સંખ્યા | સભાસદ સંખ્યા |
|---|---|---|
| ૧૯૨૧-૨૨ | ૪૭ | ૨૩૨૦ |
| ૧૯૩૧-૩૨ | ૯૩ | ૪૪૮૮ |
| ૧૯૪૧-૪૨ | ૯૨ | ૪૧૮૯ |
| ૧૯૫૧-૫૨ | ૧૭૮ | ૯૩૦૭ |
| ૧૯૫૨-૫૩ | ૧૮૧ | ૯૬૨૭ |
| (જયંતિલાલ મલકાણ, પંચમહાલનાં આદિવાસીઓ પૃષ્ઠ-૮) | | |

આ મંડળીઓની વિશેષતાએ હતી કે, બીજી સહકારી મંડળીઓ ખેડૂતોને નાણા ધીરે છે અને બધો વ્યવહાર નાંણાના રૂપમાં કરતી, જયારે અહીં ભીલો પોતાનો ધીરાણ વ્યવહાર વાના રૂપમાં કરતા. તેની આકારણી નાંણાના રૂપમાં કરતાં. બીજું લક્ષણ એ હતું કે પ્રજાને પોતાના માલનો સારો ભાવ મળે ત્યારે જ તે વેચાય એવી વ્યવસ્થા કરવામાં આવતી. પાક ઉતરે ત્યારે ખેડૂત તેને 'સેલ પરચેઝ યુનિયન' માં જમા કરાવી દે તે બદલ તેને ૫૦% રકમ એડવાન્સ અપાતી અને સારો ભાવ આવે ત્યારે યુનિયન બજારમાં તે માલ વેચી દેતું. છેવટે ઉપજેલી નાણાંની સરેરાશ કાઢી ભીલોને નાણાં ચૂકવવામાં આવતા. આ પધ્ધતિથી ભીલોનું શાહુકારો દ્વારા અને અન્યો દ્વારા થતું શોષણ અટકયું હતું. દાહોદ-ઝાલોદમાં સહકારી સોસાયટીઓ સ્થાપવા તથા વિકસાવવામાં ડાહ્યાભાઈ નાયનો પ્રયાસ ઉમદા હતો. દાહોદ-ઝાલોદના આદિવાસી ખેડૂતોને ખેતી અંગેના કામમાં આર્થિક સહાય મળી, શકે તે માટે અને શાહુકારોના જૂલ્મી વ્યાજમાંથી બચાવવા દાહોદ-ઝાલોદ માટે પૂર્વ પંચમહાલ બેંકીંગ યુનિયન'ની સ્થાપના ૧૬ એપ્રિલ ૧૯૪૭ નારોજ શ્રી

લક્ષ્મીદાસ શ્રીકાંત અને ડાહ્યાભાઈ નાયક તથા વૈકુન્દરાય મહેતાના માર્ગદર્શનથી થઈ હતી. સહકારી મંડળીઓ ભેગી કરી એમનો ખરીદ-વેચાણ સંઘ સ્થાપવાની યોજના પણ ભીલ સેવા મંડળે મૂકી હતી. એ મુજબ ૧૯૩૯ માં ગરબાડા, ૧૯૪૦ માં લીમડી, ૧૯૪૧ માં જેસાવાડા અને ૧૯૪૬ માં ઝાલોદમાં એમ ચાર સંઘો, ૧૦૦ મંડળીઓને ભેગી કરી સ્થાપવામાં આવ્યા હતા.

પંચમહાલ જિલ્લાનો વિસ્તાર ડુંગરાળ અને જંગલોથી ભરેલો હતો. ભીલ સેવા મંડળની સ્થાપના અગાઉ જંગલમાં વસતા આદિવાસીઓનું જંગલ કોન્ટ્રાકટરો દ્વારા ભારે શોષણ કરવામાં આવતું. ગુંદર જેવી જંગલી પેદાશ મીઠાના બદલામાં દાહોદનાં વેપારીઓ પડાવી લેતા. ભીલ સેવા મંડળનો ઉદ્દેશ આદિવાસીઓનું આ પ્રકારનું શોષણ રોકી તેમની આર્થિક સુધારણા કરવાનો હતો, આથી જંગલ સહકારી મંડળીઓની સ્થાપના કરવામાં આવી. ૧૯૫૫ ની આસપાસ મુંબઈ પ્રાંતમાં આવી લગભગ ૧૦૮ મંડળીઓ હતી. તેમાંથી ૧૬ મંડળીઓ પંચમહાલમાં હતી. તે મંડળીઓનું સંચાલન મુખ્યત્વે ભીલ સેવા મંડળની રાહબારી નીચે ચાલતું. દાહોદ અને ઝાલોદ તાલુકામાં (૧) ખરોદા બોરવાણી જૂથ સહકારી મંડળી લિ. (૨) છાંયણ ગ્રુપ સહકારી મંડળી ભીલ સેવા મંડળના નેજા હેઠળ સ્થાપવામાં આવી હતી. આ મંડળીઓ જંગલમાંની પેદાશો સીધી વેચવાની સાથે બજારમાં પણ વેચતી. આજે પણ પંચમહાલમાં જંગલ સહકારી મંડળીઓ ચાલે છે.

ઉપરોક્ત પ્રવૃતિઓની સાથે ભીલ સેવા મંડળના સેવોએ વૈદકીય સારવાર, ખાદી, દુષ્કાળ રાહત, વેઠપ્રથામાંથી મુક્તિ વગેરેની સાથેસૌથી ઉમદા પ્રવૃતિ ભીલોને વહેમો, કુરિવાજો, બઠવા-ભીપાની જાળમાંથી મુકત કરી સમાજના મુખ્ય પ્રવાહમાં આવવા પ્રેર્યા. બીજા શબ્દોમાં કહીએ તો, સંસ્કૃતિકરણની દિશા ચીધી હતી. ભીલ સેવા મંડળ થકી શિક્ષિત સંસ્કારી થયેલા ભીલ બાળકો પાછળથી સ્વાતંત્ર્યની લડતમાં પણ જોડાયા હતાં.

## ❖ ભીલ સેવા મંડળ અને સ્વતંત્રતા આંદોલન :-

ભીલ સેવા મંડળનું પોતાનું અસ્તિત્વ ભીલ સેવા અને ભીલ ઉત્કર્ષના ઉદ્દેશથી શરૂ કર્યું. એનાં બંધારણમાં 'રાજકીય ચળવળને કાર્યક્ષેત્રની બહાર રાખવામાં આવશે' એવી સ્પષ્ટ વાત કરાઈ હોવા છતા મંડળ સ્વાતંત્ર્યની લડતથી વણસ્પર્શ્યુ રહી શકયું ન હતું. આ સામાજિક સંસ્થાના પ્રણેતા ઠક્કરબાપા હિદી સેવક સમાજ અને કોંગ્રેસના ગાઢ સમાગમમાં હોવાથી મંડળ પણ આઝાદીની લડતોથી પ્રભાવિત રહેતું. જો કે ઠક્કરબાપાએ પ્રત્યક્ષ રીતે કોઇ લડતમાં ભાગ લીધો ન હતો. મંડળના અન્ય કાર્યકરો જેવા કે લક્ષ્મીદાસ શ્રીકાંત, ડાહ્યાભાઈ નાયક વગેરે ભીલ સેવા મંડળમાં જોડાયા એ પહેલાં સ્વાતંત્ર્યની લડતો સાથે સંકળાયેલા હતા. ઉપરાંત ગાંધીજીના આદર્શો, ખાદી, અહિંસા, સાદાઈ વગેરે ભીલ સેવા મંડળના આદર્શો પણ હતા. આ બધાં પરિબળોને લઈ ૧૯૩૦ની સવિનય કાનૂન ભંગ ની લડતમાં ભીલ સેવા મંડળના કાર્યકર્તાઓ પણ સક્રિય રીતે જોડાયા હતા. સ્વરાજયની લડત વિશે ઠક્કરબાપાની માન્યતા એવા પ્રકારની હતી કે... ભીલ સેવાનું આજીવન વ્રત લેનાર સેવકોથી લડતમાં ન જવાય, લડત કંઈ ખોટી નથી, લડતમાં સૌએ જવું જોઈએ, એ સૌનો ધર્મ છે, એ ખરુ છતાં જે લોકો એક વિશિષ્ટ કાર્યને વરેલા છે અને એક વિશિષ્ટ જવાબદારી માથે લીધી છે તેમનાથી એ કામ અધૂરું મૂકીને અથવા રેઢું મૂકીને જવાય નહી. જયારે સામે પક્ષે

કાર્યકરોની દલીલ એ હતી કે અત્યારે જયારે આખો દેશ સળગી રહ્યો છે અને દેશની સ્વતંત્રતાને ખાતર સર્વસ્વ હોડમાં મૂકવા ગાંધીજી સૌને હાકલ કરી રહ્યા છે ત્યારે સંસ્થાને ઝાલીને કોઈથી બેસી રહેવાય નહી. કાર્યકરોની સૌથી વધારે ચોટદાર દલીલ તો એ હતી કે ....સાબરમતી આશ્રમ કરતાં તો કોઈ સંસ્થા મોટી નથી ને? ત્યાંથી જો એંસી આશ્રમવાસીઓને લઈને ગાંધીજી આજે બ્રિટીશ સલ્તનત સામે મેદાને પડયા છે અને પોતાનું સર્વસ્વ ફૂલ કરવા નીકળી પડયા છે તો આપણે વળી કોણ? સ્વરાજય આવશે તો સંસ્થાઓ અનેક ઊભી થશે, પણ જો આપણા દોષે સ્વરાજય પાછું ઠેલાશે તો આવી સંસ્થાઓ પણ ટકી શકશે નહી." આવી દલીલો અને તત્કાલીન વાતાવરણને વશ થઈ લક્ષ્મીદાસ શ્રીકાંત, પાંડુરંગ વણીકર, સુખદેવ ત્રિવેદી, ડાહ્યાભાઈ નાયક, શ્રી મંગળદાસ આર્ય અને શ્રી ચુનીલાલને ભીલ સેવા મંડળમાંથી કામચલાઉ છૂટા કરી લડતમાં જવાની છૂટ આપી. આ ઉપરાંત ભીલ સેવા મંડળ ના બીજા ૨૦ કાર્યકરો અને વિદ્યાર્થી-શિક્ષકોએ પણ લડતમાં સક્રિય ભાગ લીધો હતો. ઈ.સ. ૧૯૪૦ માં પણ લક્ષ્મીદાસ શ્રીકાંત વ્યક્તિગત સત્યાગ્રહમાં જોડાયા હતાં. જેમાં એમને એક વર્ષની સજા થઈ. ૧૯૪૨ની લડતમાં મંડળના મુખ્ય કાર્યકર્તાઓ લક્ષ્મીદાસ શ્રીકાંત, ડાહ્યાભાઈ નાયક, પાંડુરંગ વણીકર, સુખદેવ ત્રિવેદી, અંબાલાલ વ્યાસ વગેરે વિના તપાસે અચોકકસ મુદતસુધી હિંદ સંરક્ષણ દ્વારા નીચે અટકાયતમાં રાખવામાં આવ્યા હતાં. તે ઉપરાંત મંડળના લગભગ ૩૫ વિદ્યાર્થીઓ તથા છ વિદ્યાર્થીનીઓએ લડતમાં ઝંપલાવી જેલવાસ ભોગવ્યો હતો. કાલોલ પાસેના મલાવ જંગલ સત્યાગ્રહ (ઓકટો. ૧૯૩૦) માં પણ ભીલ સેવા મંડળના અગ્રણી લક્ષ્મીદાસે શ્રીકાંત અને અન્ય ભીલ સેવકોનું મહત્વનું પ્રદાન હતું.

સ્વાતંત્ર્યની લડતમાં ભીલ સેવા મંડળનો મહત્વનો ભાગ હતો એ બાબત જેટલી સાચી છે, તેટલું જ સ્વાતંત્ર્યની લડતમાં ભીલ સેવકો જોડાવાને કારણે મંડળની પ્રવૃતિઓ પર, ખાસ તો શૈક્ષણિક પ્રવૃતિઓ પર વિઘાતક અસરો પડી હતી. એ પણ સાચું છે. કેટલાંક આશ્રમો-શાળા સેવકોને અભાવે બંધ કરવી પડી હતી. ભીલ સેવા અને દેશસેવા બે મોરચે રહેલા ભીલસેવકો અને મંડળના સ્થાપક અમૃતલાલ ઠક્કરાની વફાદારીની ગાંધીજીએ લક્ષ્મીદાસ શ્રીકાંત સાથેની વાતચીતમાં પ્રશંસા કરી હતી.

### ❖ ભીલ સેવા મંડળની ગુજરાત બહારની પ્રવૃત્તિઓ :-

૧૯૨૨માં દુષ્કાળ રાહતના નેજા નીચે શરૂ થયેલાં ભીલ સેવા મંડળની ઉપર્યુકત પ્રવૃતિઓના અભ્યાસ પછી એક વાત સ્પષ્ટપણે દેખાઈ આવે છે કે પંચમહાલના ભીલોના સામાજિક અને આર્થિક વિકાસ માટે ભીલ સેવા મંડળનું અમૂલ્ય યોગદાન રહેલું છે. માત્ર પંચમહાલ કે ગુજરાત જ નહી પણ જરૂર પડયે મંડળના આજીવન સેવકોએ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા અને આસામ જેવા પ્રાંતોમાં શ્રમયજ્ઞો કરી મંડળની સેવાભાવનાના આદર્શને વ્યાપક બનાવ્યો હતો. ભીલો ઉપરાંત સમાજના અન્ય પછાત વર્ગો માટે મંડળની એજ પ્રકારની ભાવના હતી. વર્ષોથી અજ્ઞાન, વહેમોમાં સબડતા, સવર્ણ અને સંસ્કારી લોકોને જોઈ ભાગતાં, કઠીન અને અઘરી ભાષા બોલતા ભીલો વચ્ચે, વિપરીત વાતાવરણ વચ્ચે ભીલ સેવા મળે કરેલાં કાર્યોનો સમય એક ક્રાંતિકારી સમય તરીકે લેખાવો જોઈએ.

ભીલ સેવા મંડળની સ્થાપના અને ઠક્કરબાપાના આગમન અગાઉ સમાજ સેવકો અને માનવવંશશાસ્ત્રીઓ વચ્ચે ગિરિજનો પ્રત્યેની દ્રષ્ટિમાં અને તેમને આધુનિક સંસ્કૃતિની અસર નીચે લાવવા કે નહી તે અંગે મોટો મતભેદ હતો. માનવવંશશાસ્ત્રી (Anthropologist)ઓનું માનવું હતું કે આદિવાસી કોમોની સંસ્કૃતિના રક્ષણાર્થે તેમને જુદાં રાખવા જોઈએ. તેમને આધુનિક સંસ્કૃતિની અસર હેઠળ લાવવાથી તેમની જીવનશક્તિનો હ્રાસ થશે અને ધીરે ધીરે આખી પ્રજા નાબુદ થશે. પંરપરાવાદીઓની આ દલીલ વિરૂધ્ધ ઠક્કરબાપા અને ભીલ સેવા મંડળે આદિવાસીઓની અસલ સંસ્કૃતિને જાળવી રાખી તેમના સામાજિક-આર્થિક નૈતિક વિકાસ સાધવાનો પ્રયત્ન કર્યો, શિક્ષણ, સામાજિક કુરિવાજોની નાબૂદી, ઉદ્યોગધંધાની તાલીમ વગેરે દ્વારા તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં સમાવી લેવાની કોશિષ કરી. ભીલ સેવા મંડળની પ્રવૃતિમાં શ્રીકાકા કાલેલકરે ત્રીજી અખિલ હિંદ આદિવાસી પરિષદના પ્રમુખીય ભાષણમાં કરેલી સૂચનાનો પડઘો પણ દેખાતો હતો...'' જયારે જયારે આપણે ભૂમિજનો અને ગિરિજનોની સ્થિતિ સુધારવાનું કામ કરતાં હોઈએ ત્યારે આપણે આપણાં ખ્યાલો એમની ઉપર લાદવાનો પ્રયત્ન નહિં કરવો જોઈએ. આપણી પસદંગી અને કલ્પના મુજબનાં - બીબામાં તેમનાં જીવનને ઢાળવાનો પ્રયત્ન નહિં કરવો જોઈએ. આદિવાસીઓ એ પ્રભુનું કલાત્મક સર્જન છે. આપણે તેમની સમક્ષ આધુનિક માણસની ઈચ્છા મુજબની બધી સગવડો અને આદર્શો મૂકીએ અને તેમાંથી તેમને ઠીક લાગે તે તેઓ પસંદ કરી લે, તેમને ગમશે તે તેઓ પસંદ કરશે, તેમને પસંદ ન પડે તેનો અસ્વીકાર કરવા તેઓ સ્વતંત્ર હોવા જોઈએ.''

ભીલ સેવા મંડળની સ્થાપના પછી આદિવાસી ભીલોમાં આવેલાં પરિવર્તનોને સંશોધવા માટે મંડળના વાર્ષિક અહેવાલો, કાર્યકરોની નોંધો વગેરે ઉપરાંત ભીલ સેવા મંડળ ની પ્રવૃતિઓથી લાભાન્વિત કે સુસંસ્કૃત બનેલા ભીલોનો મંડળ બાબતે શો અભિપાય છે તે પણ આ પ્રકારના અભ્યાસમાં એટલું જ પ્રસ્તુત છે વંચિતલક્ષી લેખન પધ્ધતિનો પાયો છે. આ સંદર્ભમાં ભીલો દ્વારા બે જુદાં જુદાં સમયે રચાયેલાં ગીતો નોંધવા યોગ્ય છે,

પહેલાં ગીતમાં ભીલ સેવા મંડળનો પાયો નંખાયો એ પહેલાનાં ભીલોના જીવન આબેહુબ નિરૂપણ કરે છેઃ

'સરીયું (છરી) લઈને કામઠી લઈને વગડામાં અમું ફરીએ રે,
મનખાં (માણસો) મારી ડગરાં (ઢોર) મારી વગડામાં અમું રાજા સિયે રે,
સોરી (ચોરી) કરી, લોક લૂંટીને દાણા પૈહા (પૈસા) લાવ હું રે,
ડગરાંને બાકડાં મારી, તેનું માહ (માંસ) ખાહું રે,
મહુડા ગાળી હરો (દારૂ) પીને કીરિયારી કરી નાચહું રે,
મનમાં ફાવે તેમ ફરીએની ખાઈપી મઝા કરીએ રે,'

ઉપરનાં ગીતની સામે ભીલ સેવા મંડળની પ્રવૃતિથી સુસંસ્કૃત બનેલ ભીલ સેવા મંડળના કાર્યકરની નીચેની પંક્તિઓ ભીલ જાગૃતિ અને જીવન પરિવર્તનનો સારો પડઘો પાડે છે.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

‘હાંમળો (સાંભળો) વીરા, હાંમળો બૂનો (૨) હાંસ હાંસી વાત રે.
રામજીની ભગતિ મને હાંસી વાલી લાગે.
ગાંધી બાબો રઈને બોલ્યાં કમળો વીરા વાત - રામજીની
હરો(દારૂ) સોડો, માંહ (માંસ) સોડો, સોરી સાડી (તાડી)રે-રામજીની
રીટીયા કાંતી, તકલી કાંતો, કાંતો ઘરે ઘરના રે- રામજીની
ઠક્કરબાબો રઈને બોલ્યાં, હાંમળો વીરા વાત – રામજીની
સોરા સારી ભણાવો ભૂંડા , ભણો તમું ડાહાંરે - રામજીની
બાબા રામને મંદરે આવો મેલો મેલાં દેવતાં રે- રામજીની.
સરીકાંત (લક્ષ્મીદાસ શ્રીકાંત) બાબો રઈને બોલ્યાં હાંમળો વીરા વાત રે- રામજીની
જાજુ દેવું કરો ‘મતિ, રાખો હાસી ટેક રે- રામજીની
સુખદેવકાકો રઈને બોલ્યાં હાંમળો વીરા વાત રે- રામજીની
મીનત મજૂરી કરો વીરા, કરો વાસી ખેડ રે–રામજીની
વણીકરદાદો પાંડુરંગ વણીકરી રઈને બોલ્યાં હાંમળો વીર વાત રે- રામજીની
વીર બણો હોઠ બનો, રાખો હાડ કામઠું રે- રામજીની
મોટાજી ભગત (અંબાલાલ વ્યાસ) રઈને બોલ્યાં, હાંમળો વીરા વાત – રામજીની
ઉગળી ઘુંગળી ભગતિ કરો, બોલો હાંસુ હાંસુ રે- રામજીની
ડાયા ગુરૂજી (ડાયાભાઈ નાયક) રઈને બોલ્યાં, હાંમળી વીરા વાત – રામજીની
ઘરમાં બાહેર સંપ રાખો, રાખો હાસી રીત ર– રામજીની
મગન ભાયો રઈને બોલ્યાં, હાંમળો વીરા ભગત રે- રામજીની
ગુંદેરા, જાતર કરવા મેલો, રાખો બાબા રામ રે-રામજીની
રૂપો ભાયો (રૂપાજી પરમાર) રઈને બોલ્યાં, હાંભળો વીરા વાત રે -રામજીની
બડવા કરવા મેલો વીરા, હગળાં ધૂતી ખાતાં રે -રામજીની
પગે પડી વીનવું વીરા, ધરતી રાખે હાત રે-રામજીની
હાંમળો વીરાં, હાંમળો બૂનો લાલચંદભાઈની વાત રે-રામજીની. .

આ રીતે ભીલોમાં રહેલી કુટેવો અને ખામીઓને વર્ણવવા ઉપરાંત ઠક્કરબાપા અને અન્ય ભીલ સેવકોની કાર્યપધ્ધતિ અને તેમને અપાયેલી ઉપમાઓ અને ઠક્કરબાપા એ શરૂ કરેલી આ સંસ્થા ભીલોને કઈ સ્થિતિમાંથી કઈ આદર્શ સ્થિતિ તરફ લઈ જવા માંગતી હતી અને તેમાં ભીલોના પક્ષે શું કરવાનું આવતું હતું તે બહુ સીધી સાદી

ભાષામાં છતાં લાક્ષણિક રીતે વર્ણન આ ગીતમાં નિરૂપાયું છે. આ ભીલોડી ગીતમાંજ ભીલ સેવા મંડળની પ્રવૃતિઓની ભીલો ઉપર અસર અને તેનું મહત્વ પ્રતિબિંબિત છતું થાય છે.

## ❖ મૂલ્યાંકન :-

ભીલ સેવા મંડળની આદિવાસી ભીલ ઉત્કર્ષ પ્રવૃતિના અભ્યાસ દરમ્યાન મંડળની પ્રવૃતિઓના કેટલાંક વિરોધાભાસી પાસાં પણ નજરે પડે છે. એ બધામાં ભીલોનું સેવાકાર્ય ભીલ સેવા મંડળ અને ભીલ સેવકો થકીજ થઈ શકે એવી છાપ પણ ઊભી થાય છે.ઉદા. તરીકે ૧૯૩૬ માં મીરાખેડી 'ભીલ ખેડૂત પરિષદ'નું ઈન્દુલાલ યાજ્ઞિકે પોતાની આત્મકથામાં જે વર્ણન કર્યું છે તે મુજબ .... "મીરાખેડી ગામમાં ૨૬ જાન્યુઆરી આઝાદીના શુભ દિને ભીલોની એક પરિષદમાં પ્રમુખ પદ સ્વીકારવાનું મેં નકકી કર્યું..., આ પરિષદ નો પ્રચાર પણ વધારે આકરો થતો ગયો. તેમાં મારી સામેલગીરીની ખબર પડતાં ભીલ સેવા મંડળના મારા જૂના મિત્રો ઘણાં નારાજ થયા. તેમના વતી સુખદેવભાઈ માતર તાલુકાના ખાંધલી ગામે મારી સભા હતી ત્યાં મને મળવા આવ્યા. મને આ ભીલ પરિષદનો છાલ છોડવા ઘણું સમજાવ્યું."

વળી, ભીલ સેવા મંડળના માધ્યમથી જ ભીલોનું સંગઠન થઈ શકે એ વાત પણ મીરાખેડી ખેડૂત પરિષદમાં ખોટી સાબિત થઈ. આ સંદર્ભમાં ઇન્દુલાલ યાજ્ઞિકે લખ્યું છે કે .... "આટલાં વરસમાં ભીલોની આવી સભા મેં જોઈ ન હતી," આ જ ઘટનાક્રમ માં કમળાશંકર પંડયાએ પોતાની આત્મકથા 'વેરાન જીવન માં કરેલી ટીકા પણ પ્રથમ નજરે જોવા જેવી - છે..." કોગ્રેંસ કાર્યકર્તાઓ વર્ગમળનાં સિદ્ધાંત ઉપર ભીલ સેવા મંડળનું ભીલોમાં કાર્ય કરતા,સંસાર સુધારાની વાતો કરતાં પણ ભીલ કોમોને ગૌરવ અને ઈજ્જત અપાવી શકતાં ન હતાં. ભીલ સેવા મંડળે જયાં મીરાખેડીમાં પ્રથમ આશ્રમ નાંખ્યો તેજ સ્થળે અમે દાહોદ-ઝાલોદ ખેડૂત પરિષદ ભરવાનું નકકી કર્યું. કામ અતિશય કપરું હતું. સરકાર અને કોંગ્રેસ કાર્યકર્તાઓ સખત વિરૂદ્ધ હતા. ભીલો પરિષદમાં ન જાય તે માટે ત્યાં માનગઢ જેવા ગોળીબાર થશે એવી અફવા ફેલાવી પરિષદ નિષ્ફળ નીવડે એવી કાર્યવાહી ભીલ સેવા મંડળ શરૂ કરી. જો કે ડાહ્યાભાઈ નાયકે મંડળના કેટલાંક કાર્યક્તઓની વિરૂદ્ધ જઈ આ પરિષદ માટે કામ કર્યું હતું. શ્રી કમળાશંકર પંડયા આ માટે હિન્દુસ્તાનના રાજકારણમાં વધતા જતાં સમાજવાદનાં પ્રભાવ અને ભીલ સેવકો પર પડેલા તેના પ્રભાવને જવાબદાર માને છે.

**સમાપનઃ** ભીલ સેવા મંડળની પ્રવૃતિઓનાં ઉપરોક્ત વિવરણ ઉપરથી ખ્યાલ આવે છે કે દાહોદ જિલ્લાના ભીલોનો સામાજિક-આર્થિક વિકાસ સાધી તેમને સંસ્કૃત બનાવવામાં તથા સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવામાં તેનું અગત્યનું યોગદાન હતું. ખ્રિસ્તી મિશનરીઓનાં ધર્મપરિવર્તનને બદલે સામાજિક સમાનતાને આદર્શ બનાવ્યો, ગોવિંદગુરૂની ભગત ચળવળની ચમત્કારીક વાતો અને 'ભીલરાજ સ્થાપનાને બદલે ભીલોના જીવનના તમામ પાસાંમાં પરિવર્તન આણી આદિવાસી–ભીલોને સંસ્કૃતિકરણની દિશા ચીંધી અને એ રીતે ભીલ ઉત્કર્ષના ક્ષેત્રે ભીલ સેવા મંડળની પ્રવૃતિઓ સીમાસ્તંભરૂપ હતી.

## સંદર્ભ ગ્રંથો

(૧) શાહ કાન્તિલાલ, (૧૯૫૫) ઠક્કરબાપા, ઠક્કરબાપા સ્મારક સમિતિ, નવી દિલ્હી.
(૨) યાજ્ઞિક ઈન્દુલાલ, (૧૯૫૬) આત્મકથા–૩, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
(૩) વણીકર પાંડુરંગ,(૧૯૪૩) પંચમહાલનાં ભીલો, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ.
(૪) મલકાણ જયંતીલાલ, (૧૯૫૫) પંચમહાલનાં આદિવાસીઓ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
(૫) પંડયા કમળાશંકર વેરાનજીવન (આત્મકથા) (૧૯૭૪), કમળાશંકર સન્માન સમિતિ, વડોદરા.
(૬) પારેખ હિરાલાલ ત્રિ, (૧૯૩૭) અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન ભાગ-૩, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ.
(૭) વાઘેલા અરુણ (૨૦૧૦), ભીલ સેવા મંડળ, અમદાવાદ
(૮) વાઘેલા અરુણ, (૨૦૧૬) પંચમહાલના આદિવાસીઓની વિકાસયાત્રા, અમદાવાદ, ૨૦૧૬.